પ્રાપ્તિ તારીખઃ  ૧૮/૦૧/૨૦૨૩
નોંધ્યા તારીખઃ ૧૮/૦૧/૨૦૨૩
ફેંસલ તારીખઃ  ૧૩/૦૩/૨૦૨૬
સમય  –વર્ષ ૩ માસ૧ દિવસ ૨૩.

**માંગરોલના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.માંગરોલ.**

ફોજદારી કેસ નંબર : ૧૬૩/૨૦૨૩
આંક : – ૫૧

| | | |
|---|---|---|
| ફરીયાદી | | શ્રી સરકાર |
| | | વિરૂધ્ધ |
| આરોપી | ૧ | જીતેન્દ્રસીંગ ખુશીરામસીંગ જાટ.<br>રહે. પાલોદ ગામ, ચીત્રકુટ સોસાયટી, મકાન નં. ૨૭, તા.માંગરોલ, જી.સુરત. |
| | ૨ | મહેશભાઈ મહેતલાલ લાન્જેવાદ.<br>રહે. પાલોદ ગામ, આર્શીવાદ રો–હાઉસ, રૂમ નં. ૩૯, તા.માંગરોલ, જી.સુરત. |
| ગુન્હો | | ઇ.પી.કો.ક. ૫૦૫(ખ)(ગ) મુજબ. |
| ફરીયાદપક્ષ | | વિધ્વાન વકીલ શ્રી એસ.એન. ચાંપાનેરીયા. |
| બચાવપક્ષે | | જી.એસ. પરમાર. |

– ઠરાવ –

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૨૮/૦૯/૨૦૨૨ થી કલાક ૧૫/૫૭ પહેલા હર કોઇ વખતે મૌજે– સુરત જીલ્લા ગ્રામ્ય

વિસ્તારમાં બંને ઇસમોએ મોબાઇલ ફોનમાં ટેલીફોનીક વાતચિત કરેલ જે ઓડીયો ક્લિપ વાયરલ કરેલ હોય જે બાબતે ખરાઇ કરતા આવી કોઇ સત્ય હકીકત કે ઘટના ઝંખવાવ વિસ્તારમાં કે સુરત ગ્રામ્યના અન્ય કોઇ વિસ્તારમાં બનેલ નહી હોવાનુ જણાય છે. આમ આ બન્ને ઇસમો તથા ઓડીયો ક્લીપ વાયરલ કરનાર ઇસમે જનતામાં અથવા જનતાના કોઇ જુથમા ગુનાહિત ઇરાદાપુર્વક ભય અને ગભરાટ પેદા થાય તથા કોઇ વર્ગના અથવા કોઇ કોમના લોકોને અથવા કોઇ કોમ વિરૂધ્ધ કોઇ ગુનો કરવા ઉશ્કેરવાના ગુનાહિત ઇરાદાથી અફવા ફેલાવી તથા કોઇ વ્યક્તિ જાહેર શાંતી વિરૂધ્ધનો ગુનો કરી બેસે તેવા ગુનાહિત ઇરાદાથી અફવા ફેલાવી ટેલીફોનીક વાતચીત કરી ઓડીયો ક્લીપ વાયરલ કરી તપાસ દરમ્યાન બંને આરોપીઓ પકડાઇ જઇ ગુનો આચરેલ, જેથી આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો.ક. ૫૦૫(ખ)(ગ) હેઠળના ગુના બાબતે ફરીયાદ નોંધવામાં આવેલ હતી.

(૨) આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ છે.

(૩) અદાલતમાં ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓને સમન્સ કાઢવામાં આવતાં આરોપીઓ નામ. કોર્ટમાં રૂબરૂ હાજર થતાં તેઓને તેમની વિરુધ્ધ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ સામેના આંક–૬ થી તહોમતનામું ફરમાવી ગુનાની વિગત વાંચી, સંભળાવી, સમજાવતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતાં તેઓનું આંક–૭ અને આંક–૮ થી નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

## મૌખિક પુરાવા

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી જીતેન્દ્રસિંહ બળવંતસિંહ ગોહીલની જુબાની. | આંક–૦૯ |
| ૨. | પંચ સાહેદ મુસ્તાક કરીમ ગુલઝારની જુબાની. | આંક–૧૨ |
| ૩. | પંચ સાહેદ મોહંમદ આસીફ જમીલ સીદીકીની જુબાની. | આંક–૧૪ |
| ૪. | ત.ક.અમલદાર જસમતભાઇ ખાટાભાઇ મુળીયાની જુબાની. | આંક-૪૧ |
| ૫. | ત.ક.અમલદાર દિનેશભાઇ જીણાભાઇ રાઠવાની જુબાની. | આંક-૪૮ |

## દસ્તાવેજી પુરાવા

| | | |
|---|---|---|
| ૧ | અસલ એફ.આઇ.આર. | આંક–૧૦ |
| ૨ | આરોપીની અટકનું પંચનામું. | આંક–૧૩ |
| ૩ | રવાનગી પત્રક | આંક–૪૨ |
| ૪ | ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરીની મુદ્દામાલ તપાસણી મા મોકલાવેલ તેની પહોંચ. | આંક–૪૩ |

(૫) ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદપક્ષે મૌખિકમાં પોતાનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષનો રજૂ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ અન્વયેનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદપક્ષના કેસનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે અને તેઓ નિર્દોષ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૭) કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષ્યમાં લેતાં , આ કેસના નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્ધાઓ ઉપસ્થિત થયા છે .

**– મુદ્ધા –**

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા.૨૮/૦૯/૨૦૨૨ થી કલાક ૧૫/૫૭ પહેલા હર કોઇ વખતે મૌજે– સુરત જીલ્લા ગ્રામ્ય વિસ્તારમાં બંને ઇસમોએ મોબાઇલ ફોનમાં ટેલીફોનીક વાતચિત કરેલ જે ઓડીયો કિલપ વાયરલ કરેલ હોય જે બાબતે ખરાઇ કરતા આવી કોઇ સત્ય હકીકત કે ઘટના ઝંખવાવ વિસ્તારમાં કે સુરત ગ્રામ્યના અન્ય કોઇ વિસ્તારમાં બનેલ નહી હોવાનુ જણાય છે. આમ આ આરોપીઓ તથા ઓડીયો કલીપ વાયરલ કરનાર ઇસમે જનતામાં અથવા જનતાના કોઇ જુથમા ગુનાહિત ઇરાદાપુર્વક ભય અને ગભરાટ પેદા થાય તથા કોઇ વર્ગના અથવા કોઇ કોમના લોકોને અથવા કોઇ કોમ વિરૂધ્ધ કોઇ ગુનો કરવા ઉશ્કેરવાના ગુનાહિત ઇરાદાથી અફવા ફેલાવી તથા કોઇ વ્યકિત જાહેર શાંતી વિરૂધ્ધનો ગુનો કરી બેસે તેવા ગુનાહિત

ઈરાદાથી અફવા ફેલાવી ટેલીફોનીક વાતચીત કરી ઓડીયો ક્લીપ વાયરલ કરી આરોપીઓ એ ઈ.પી.કો.ક. ૫૦૫(ખ)(ગ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

મુદ્દા નં.૦૧ : – નકારમાં

મુદ્દા નં .૦૨ : – આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ ::

– <u>કા ર ણો</u> –

(૯/૧) ફરીયાદપક્ષે આંક–૦૯ થી ફરીયાદી જીતેન્દ્રસિંહ બળવંતસિંહ ગોહીલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, "ગઈ તા. ૨૮/૦૯/૨૦૨૨ ના રોજ અમો કોસંબા પો. સ્ટે. ફરજ ઉપર હાજર હતા તે વખતે વિભાગીય પોલિસ અધિકારી, સુરત ગ્રામ્ય શ્રી વી. કે. વનાર સાહેબ નાઓએ પોલિસ ડીવીઝનના વોટ્સએપ ગ્રુપ નામે My Officers માં એક ઓડીયો મુકેલ હતો. જે અમોએ સાંભળેલો. તે ઓડીયોમાં "મહેશભાઈ સભી સોસાયટી વાલો કો બોલ દો કે બહાર સે કોઈ આદમી અંદર આને ન પાયે. મે ઝંખવાવ કામ પે આયા થા વહા પે ૧૬–૧૭ બચ્ચો કી ડેડ બોડી પડી હે, કિસીકે હાડપીંજર વગેરાહ નિકલે હુએ હે." તે ઓડીયોમાં સામેથી એક ભાઈ એવુ પુછે છે કે, "અભી તો તડકેશ્વર સે પોલિસ ને એક આદમી કો પકડા હે" ત્યારબાદ પ્રથમ ઈસમે કહેલ કે, "યહા ઝંખવાવ મે એક દારૂ વાલા જંગલ મે જા રહા થા તભી લાલચ મે ઉસને એક બેગ ઉઠા લીયા થા ઓર ઉસમે સે ડેડ બોડી નીકલી હે." ત્યારબાદ બીજા ઈસમે કહેલ કે, "નજદીક જા કે દેખો ક્યા હુઆ હે" ત્યારબાદ પ્રથમ ઈસમે કહેલ કે, "પાગલ હો ગયા હે ક્યા? વહા બહોત સારી પુલિસ હે વહા કિસીકો નજદીક જાને નહી દે રહે હે." આમ, ઉપર મુજબની ઓડીયો ક્લિપ અમોએ સાંભળેલી. ઉપરોક્ત વાતચીત અનુસંધાને આવો કોઈ બનાવ વિસ્તાર માં બનેલ ન હતો અને આવી વાતચીત થી વિસ્તાર માં ભયનો માહોલ ઉભો થયેલ હતો. જેથી

અમોએ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરીયાદ આપેલી. મને અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી છે. જે હુ ઓળખુ છુ. અસલ એફ.આઈ.આર. રજુ દાખલ આંક – ૧૦. અમોએ ફરીયાદ આપ્યા બાદ ત. ક. અ. શ્રીએ આરોપીઓની અટક કરતાં મે આરોપીઓને જોયેલા. આરોપીઓને હુ જોએ ઓળખુ છુ. આજરોજ કોર્ટમાં હાજર છે તે તે જ છે."

સદરહું સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ તેઓએ જણાવેલ છે કે, "હુ છેલ્લા ત્રણ વર્ષ થી પોલિસ ખાતામાં ફરજ બજાવુ છુ. હુ છેલ્લા સાત મહીના થી કોસંબા પો.સ્ટે. ફરજ બજાવુ છુ. હુ પોલિસ સ્ટેશનમાં આવુ અને જવુ તેનુ કોઈ રજીસ્ટર નિભાવતો નથી. હુ બનાવ ના દિવસે પો. સ્ટે. હાજર હોવ તે દર્શાવવા નોકરી બુકમાં નોંધ છે. અમારા ડિપાર્ટમેન્ટમાં વોટ્સએપ ગ્રુપ બનાવવુ ફરજીયાત નથી. મે ઓડીયો ક્લિપમાં જે બે ઈસમોના અવાજ હતા તે અવાજ કોના છે તેની મે ખરાઈ કરેલી નહી. એ વાત ખરી છે કે, ઓડીયો ક્લિપ સાંભળી ને તે આ જ વ્યક્તિનો અવાજ છે તે ચોક્કસ કહી શકાય નહી. એ વાત ખરી છે કે, ઓડીયો ક્લિપ કયા મોબાઈલ નંબર ઉપર થી વાયરલ થયેલ છે તે નંબર મે મારી ફરીયાદ માં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ઓડીયો ક્લિપની વાતચીત કયા મોબાઈલ નંબર થી કયા મોબાઈલ નંબર ઉપર થઈ તે હકીકત મારી ફરીયાદ માં જણાવેલ નથી. ઓડીયો ક્લિપ કોણે વાયરલ કરી તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, ઓડીયો ક્લિપ સાંભળી હોય તેવી હકીકત મે મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, વી. કે. વનાર સાહેબ મારા ઉપરી અધિકારી છે. એ વાત ખરી નથી કે, વનાર સાહેબ કે તે રીતે અમારે કરવાનુ હોય છે. એ વાત ખરી છે કે, "કિસીકે હાડપીંજર વગેરાહ નિકલે હુએ હે" તેવી હકીકત મારી ફરીયાદ માં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, આવી કોઈ ઓડીયો ક્લિપ વાયરલ થયેલ ન હોવા છતાં, ઉપરી અધિકારીના કહેવા માત્રથી ખોટી હકીકતો ઉપજાવી, ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, ફરીયાદ ને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ."

(૯/૨) ફરિયાદપક્ષે આંક –૧૨ થી પંચ સાહેદ મુસ્તાક કરીમ ગુલઝારનાઓને તથા આંક–૧૪ થી પંચ સાહેદ મોહંમદ આસીફ જમીલ સીદીકીનાઓને તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં આંક–૧૩ ના આરોપીની અટકના પંચનામાની કોઇ હકીકતને સમર્થન આપેલ

નથી. તેઓએ ફકત આંક–૧૩ ના પંચનામામાં  તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની કોઇ હકીકતને સમર્થન આપેલ નથી.

સદરહું પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદરહું પંચ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલિસે તૈયાર લખેલા કાગળમાં મારી સહી કરાવેલ તેમાં શુ લખેલ હતુ તેની તેઓને ખબર નથી અને  પોલિસે તેઓની હાજરીમાં કોઈને અટક કરી, મોબાઈલ કબ્જે કરી, પંચનામુ કરેલ નથી.

(૯/૩) ફરીયાદપક્ષે આંક–૪૧ થી ત.ક.અમલદાર જસમતભાઇ ખાટાભાઇ મુળીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, "સને ૨૦૨૨ ના વર્ષમાં કોસંબા પો.સ્ટે. માં અમો પી એસ આઇ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન સદર કેસના ત.ક.અમલદાર ડી.ઝેડ. રાઠવાનાઓની બદલી થતા સદર ગુનાની આગળની તપાસ અમોને મળતા અમોએ સદર કામે પોલીસ પેપર્સનો અભ્યાસ કરી આ કામે આરોપી પાસે થી કબજે કરેલ મુદ્દામાલ મોબાઇલ ફોન એફ. એસ.એલ તપાસણી કરવા સારૂ રવાનગી પત્રક તૈયાર કર્યુ. મુદ્દામાલ મોબાઇલ એફ એસ એલ કચેરી સુરત ખાતે મોકલી આપેલ જે રવાનગી પત્રક ની ઓફીસ કોપી નામદાર કોર્ટના રેકર્ડ માંથી બતાવવામાં આવે છે જેમા નીચે મારી સહી છે. જે સહી હું ઓળખી બતાવુ છું. સદરહું  રવાનગી પત્રકની નકલને આ કામે બચાવપક્ષની સંમતિથી રજુ દાખલ આંક–૪૨ આપવામાં આવે છે. અમોએ ઉપરોક્ત મુદ્દામાલ અને રવાનગી પત્રક એફ એસ એલને મોકલી આપેલ જે બન્ને એફ એસ એલને મળ્યા બદલની પહોંચ એફ એસ એલ અધીકારી તરફથી પી. આઇ. શ્રી કોસંબાને સંબોધીને મોકલી આપેલ. જે નામદાર કોર્ટના રેકર્ડ પરથી બતાવવામાં આવે છે જેમાં નીચે એફ એસ એલ અધિકારી ની સહી છે જે સહી હુ ઓળખી બતાવુ છુ. સદર હું પહોંચની નકલને આ કામે બચાવપક્ષની સંમતિથી રજુ દાખલ આંક–૪૩ આપવામાં આવે છે. ત્યારબાદ સદર કામે આરોપી વિરુધ્ધ

પુરતો પુરાવો કરતો હોઇ નામદાર કોર્ટમાં સમય મર્યાદામાં ચાર્જશીટ કરેલી. આરોપીની અટક અમોએ કરેલ ન હોઇ ઓળખી શકુ નહી."

સદરહું સાહેદની આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ બનાવની એફ.આઇ.આર થઈ ત્યારે તેઓ કોસંબા પો. સ્ટેમાં ફરજ બજાવતા હતા અને  ઓડીયો ક્લિપ તેઓએ સાંભળેલી નહી અને  અને તેઓએ ચાર્જશીટ સાથે એફ. એસ. એલ રિપોર્ટ રજુ કરેલ નથી અને  કહેવાતા બનાવ વિશે તેમને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે પુરતા પુરાવા ન હોવા છતા આરોપિઓ વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૯/૪) ફરીયાદપક્ષે આંક-૪૮ થી  ત.ક.અમલદાર દિનેશભાઇ જીણાભાઇ રાઠવાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, "સને ૨૦૨૨ ના વર્ષમાં કોસંબા પો.સ્ટે. માં અમો પી એસ આઇ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન સદર કેસની તપાસ અમોને મળતા અમોએ તપાસ સંભાળેલી અને સદર કામે પોલીસ પેપર્સનો અભ્યાસ કરી આ કામે આરોપીની ધરપકડ કરી તેઓ પાસે મળી આવેલ મોબાઇલ ફોન તપાસ અર્થે કબજે કરેલ.આરોપી તરફથી જામીન રજુ થતા તેને યોગ્ય રકમના જામીનખત ભરાવી જામીન મુકત કરેલા.ત્યારબાદ મારી બદલી થતા આગળની તપાસ પી.એસ.આઈ શ્રી જે.કે મુળીચા સાહેબનાઓએ સંભાળેલી.આરોપીઓને જોએથી ઓળખી શકુ.જેઓ પૈકી આરોપી નં.૧હાજર હોય તેઓને ઓળખી બતાવુ છુ અને આરોપી નં.૨ અંગેનો હાજરી મુકિતનો રીપોર્ટ આપેલ હોય બચાવ પક્ષે ઓળખન તકરાર જતી કરેલ છે."

સદરહું સાહેદની આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે આ બનાવની એફ.આઇ.આર થઈ ત્યારે હુ કોસંબા પો. સ્ટેમાં ફરજ બજાવતો હતો.એ વાત ખરી છે કે ફરીયાદમાં જણાવેલ ડીવીઝન વોટસઅપ ગ્રુપ અમારા ડીપાર્ટમેન્ટમાં રાખવુ જરૂરી નથી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે વહીવટી સરળતા અને સંકલન માટે ડીવીઝન વાઇઝ બનાવેલ હોય છે. એ વાત ખરી છે કે આરોપીની ધડપકડ બાદ તેઓ પાસેથી ઓડીયો કલીપની ખરાઇ કરવા માટે અલગથી વોઇસ સેમ્પલ રેકોડીંગ કર્યા હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે ઓડીયો કલીપમાંથી આવતો અવાજ અને

પકડાયેલ આરોપીઓના અવાજ બંને સામસામે એકજ વ્યકિતના હોય તે રીતે સાંભળેલ નથી.એ વાત ખરી છે કે આ કામે મોબાઇલ માથી ઓડીયો કલીપની પેનડ્રાઇવમાં નકલ કરી નામ.કોર્ટમાં ચાર્જશીટના કામે પુરાવા તરીકે રજુ કરેલ નથી.સાહેદ સ્વેછાએ જણાવે છે કે અસલ મોબાઇલ ફોન એફ.એસ.એલ પરીક્ષણ અર્થે મોકલાવેલ છે.એ વાત ખરી છે કે સદર કામની મારી તપાસ દરમ્યાન એફ.એસ.એલમાં મોકલાવેલ મોબાઇલ ફોન કે તે અંગેનો એફ.એસ.એલ.રીપોર્ટ આવેલ નથી.એ વાત ખરી છે કે આવો કહેવાતો ઓડીયોકલીપ વાઇરલ થઇ હોય તેવો કોઇ પુરાવો મે મારી તપાસ દરમ્યાન લીધેલ નથી.એ વાત ખરી છે કે બી.કે.વનાર સાહેબએ અમારા ઉપરી અધિકારી કહેવાય. વાત ખરી છે કે તેઓ જે હુકમ કરે તે અમારે અમલ કરવો પડે.એ વાત ખરી નથી કે આવી કોઇ કહેવાતી ઓડિયોકલીપ વાઇરલ થઇ નથી અને કોઇપણ પુરાવા ન હોવા છતા અમોએ ફરીયાદને અનુરૂપ તપાસ કરેલ અને તેના સમર્થનમાં આજરોજ સોંગદઉપર ખોટી જુબાની આપુ છુ."

(૧૦) ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકા પરથી પુરવાર કરવાનો હોય છે. જો ફરિયાદપક્ષના પુરાવામાં થોડી પણ શંકા ઉદ્ભવે તો તે શંકાનુ સમાધાન કરવાની જવાબદારી ફરિયાદીના શીરે છે. આ કામે તપાસવામા આવેલ બન્ને પંચ સાહેદ મુસ્તાક કરીમ ગુલઝાર તથા મહંમદ આસિફ જમીલ સિદ્ધીક્કીનાઓ ફરી ગયેલ જાહેર્ થયેલ છે અને આ બન્ને પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૩ થી રજુ પંચનામાની વિગતે આ બન્ને સાહેદોની હાજરીમાં આરોપીઓ પાસેથી મોબાઇલ કબજે કરેલ હોવાનું તેમજ આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામુ કરેલ હોવાનુ પુરવાર થતુ નથી આ કામે આંક–૪૨ થી મુદ્ધામાલ મોબાઇલ એફ.એસ.એલ. મા મોકલ્યાની રવાનગી પત્રક છે. જ્યારે આંક–૪૩ થી સદર મોબાઇલ એફ.એસ.એલ. મા મળી ગયાની પહોંચ છે. પરંતુ આ કામે એફ.એસ.એલ. રિપોર્ટ ચાર્જસીટ સાથે રજુ થયેલ નથી કે ત્યારબાદ પણ ફરિયાદપક્ષે એફ.એસ.એલ. રિપોર્ટ રજુ કરેલ નથી. આંક–૯ થી મૂળ ફરીયાદીને તપાસેલ છે જેઓએ આંક–૧૦ થી રજુ એફ.આઇ.આર. મુજબ પુરવો આપેલ છે. પરંતુ બચાવપક્ષની ઉલટતપાસમા તેઓ સ્વીકારે છે કે ઓડીયો ક્લીપ સાંભળીને તે આ વ્યક્તિનો અવાજ છે તે

ચોક્કસ કહી શકાય નહી. તેઓ સ્વીકારે છે કે ઓડીયો ક્લીપ કયા મોબાઇલ નંબર ઉપરથી વાયરલ થયેલ તે ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ જણાવે છે કે ઓડીયો કલીપ કોણે વાયરલ કરી તે તેઓ કહી શકે નહી. વધુમાં આ કામે આંક–૪૮ થી ત.ક.અ. દિનેશભાઇ જીણાભાઇ રાઠવાને તપાસેલ છે જેઓએ મોબાઇલ ફોન તપાસ અર્થે કબજે કરેલ છે. પરંતુ બચાવપક્ષની ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે ઓડીપો ક્લીપની ખરાઇ કરવા માટે અલગથી વોઇસ સેમ્પલ રેકોર્ડીંગ કર્યુ હોય તેવું બનેલ નથી. તેઓ સ્વીકારે છે કે મોબાઇલમાંથી ઓડીયો કલીપની પેન ડ્રાઇવમાં નકલ કરી ચાર્જસીટ સાથે રજુ રાખેલ નથી. તેઓ સ્વીકારે છે કે ઓડીપો ક્લીપ વાઇરલ થઇ હોય્ તેવો પુરાવો લીધેલ નથી. આંક–૪૧ થી ત.ક.અ. જસમત ખાટાભાઇ મુળીયાને તપાસેલ છે.જેઓએ ચાર્જસીટ કરેલ છે અને મુદામાલ મોબાઇલ એફ.એસ.એલ. માં મોકલેલ છે પરંતુ આ સાહેદ ઉલટતપાસમાં સ્વીકારે છે કે ઓડીયો ક્લીપ તેમણે સાંભળેલ નથી કે ચાર્જસીત સાથે એફ.એસ.એલ. રિપોર્ટ રજુ કરેલ નથી. તેઓને બનાવ વિશે કોઇ જાત માહીતી નથી. આમ સમગ્ર પુરાવો ધ્યાને લેતા જે ઓડીયો ક્લીપ વાઇરલ થઇ હોવાનુ ફરીયાદપક્ષ જણાવે છે તેવી ઓડીયો ક્લીપ પુરાવા તરીકે ઇલેક્ટ્રોનિકસ એવીડેન્સ તરીકે કોર્ટમાં રજુ થયેલ નથી. સદર ઓડીયો કલીપ મૂળ મોબાઇલમાંથી કોપી કરી પેન ડ્રાઇવ સ્વરૂપે કોર્ટમાં પુરાવા તરીકે રજુ કરેલ નથી. વધુમાં આ ઓડીયો ક્લીપમાં શું વાતચીત થયેલ તે લગત ઓડીયો ક્લીપરૂપી પુરાવો કોર્ટમાં રજુ થયેલ નથી. વધુમાં હાલના બન્ને આરોપીએ જ ઓડીયો ક્લીપ વાઇરલ કરેલ હોય તેવો પુરાવો કોર્ટમાં રજુ થયેલ નથી. વધુમાં ઓડીયો ક્લીપમાં વાતચીત કરનાર હાલના આરોપીઓ જ હતા કે કેમ ? તે બાબતે આરોપીઓના વોઇસ સેમ્પલ લેવામાં આવેલ નથી.જેથી એફ.એસ.એલ. માં મોકલેલ મોબાઇલ સાથે ઓડીયો ક્લીપમાં વાતચીત કરનાર હાલના આરોપીઓ જ હતા કે કેમ ? તેની ખરાઇ  થઇ શકે તેમ નથી. આમ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓને ગુનામાં સાંકળી શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી અન્ય સાહેદોનો પુરાવો લેવાથી પણ કેસના ગુણદોષમાં ફેર પડવાની સંભાવના નથી.

આમ, ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપો નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ રહેલ હોય, જેથી આરોપીને આક્ષેપીત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોય, ઉપરોકત ચર્ચા મુજબ તમામ હકીકતો ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં મુદ્દા નં.૦૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૦ ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છું.

## – આખરી હુકમ –

(૧) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.ક. ૫૦૫(ખ) (ગ) મુજબના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબના મોબાઇલ અંગે આગાઉ કોઇ વચગાળાનો હુકમ થયો હોય તો કાયમ રાખવો અન્યથા અપીલ સમય બાદ મુળ માલિકની ખરાઇ કરી પરત કરવો

(૩) આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) અન્વયે અપીલ સમયની મુદતનાં રૂ.૫,૦૦૦ /– ના જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ– ૧૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(કે.આર.ત્રિવેદી)
એડીશનલ ચીફ જયુ. મેજીસ્ટ્રેટ,
માંગરોલ, સુરત.
**GJ** 01275